છઠ્ઠા પગાર પંચ અન્વયે કર્મચારીઓ/ અધિકારીઓને મળવાપાત્ર પગાર-ભથ્થાંના તફાવતના વર્ષ ૨૦૧૩-૧૪માં ચુકવવાપાત્ર પાંચમા હપ્તા (૨૦%) ની રકમ રોકડમાં ચુકવવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પગર - ૧૦૦૯- ૮૧- પગાર એકમ(મ)
સચિવાલય, ગાંધીનગર
તા. ૩ – ૬ - ૨૦૧૩

સંદર્ભ ક્ર:(૧) નાણા વિભાગના તા.૨૦-૩-૨૦૦૯નો ઠરાવ
ક: પગર- ૧૦૦૯- ૩ -પગાર એકમ(મ)
(૨) નાણા વિભાગના તા.૧૫-૫-૨૦૧૨નો ઠરાવ
ક: પગર- ૧૦૦૯- ૭૨ -પગાર એકમ(મ)

આમુખ:

રાજ્ય સરકાર દ્વારા કેન્દ્રિય છઠ્ઠા પગાર પંચની ભલામણોનો સ્વીકાર કરીને રાજ્યના કર્મચારીઓને ગુજરાત રાજ્ય સેવા(પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ હેઠળ પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે. નાણા વિભાગના તા.૨૦-૩-૨૦૦૯ના ઠરાવથી કર્મચારીઓને મળવાપાત્ર પગાર તફાવતની રકમ પગાર બાંધણીની ઓન લાઈન ચકાસણી બાદ, દર વર્ષે ૨૦% પ્રમાણે પાંચ સરખા વાર્ષિક હપ્તામાં કર્મચારીના સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં પાંચ વર્ષના લોક ઈન પીરીયડ સાથે જમા કરાવવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. તે અનુસાર વર્ષ ૨૦૧૩-૧૪ના વર્ષમાં ચુકવવા પાત્ર પગાર તફાવતનો પાચમો અને છેલ્લો હપ્તો કર્મચારીના સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં જમા કરાવવાનો થાય છે. આ હપ્તો ચૂકવવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાંને અંતે સરકારશ્રીએ નીચે મુજબ નિર્ણય કરેલ છે.

ઠરાવ

(૧) કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ હેઠળ થયેલ પગાર સુધારણા અન્વયે ચુકવવાપાત્ર પગાર-ભથ્થાંના તફાવતની પાંચમા હપ્તાની (૨૦ %) રકમ, સામાન્ય ભવિષ્ય નિધિ ખાતાને બદલે રોકડમાં ચુકવવાની આથી મંજૂરી આપવામાં આવે છે. જે કર્મચારીઓ મળવાપાત્ર હપ્તાની રકમ સ્વૈચ્છાએ સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં જમા કરાવવા માંગતા હશે તેઓ તે મુજબનો વિકલ્પ આપી શકશે. જે કર્મચારીઓ હપ્તાનો રકમ સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં જમા કરાવવાનો વિકલ્પ આપે તેમને નાણા વિભાગના તા.૨૦-૩-૨૦૦૯ના ઠરાવની જોગવાઈ અનુસાર જમા થયેલ રકમ ઉપર ૧લી એપ્રિલ, ૨૦૧૩ થી વ્યાજ મળવાપાત્ર થશે.

(૨) જે કર્મચારી/અધિકારીઓની પગાર બાંધણીની ચકાસણી થયેલ નથી તેવા કર્મચારી/અધિકારીઓને, તેમની પગાર બાંધણીની ચકાસણી થયા બાદ જ ચૂકવવાપાત્ર પાંચમા હપ્તાની રકમની ચૂકવણી કરવાનું ઠરાવવામાં આવે છે.

(૩) CPF/NPS ખાતા ધરાવતા કર્મચારીઓને ચુકવવાપાત્ર પાંચમા હપ્તાની રકમ રોકડમાં ચુકવવાની રહેશે.

(૪) કર્મચારીએ રાજીનામું આપેલ હોય તો તેવા કેસમાં કર્મચારીના સામાન્ય ભવિષ્ય નિધિ ખાતા કે પેન્શન ખાતાનું અસ્તિત્વ ન રહેતું હોઈ, તેવા કર્મચારીને ચૂકવવાપાત્ર પગાર-ભથ્થાંના તફાવતની રકમ એક સાથે રોકડમાં ચૂકવવાની રહેશે.

પાછળ..

(૫) રાજ્યના બોર્ડ/નિગમો/યુનિવર્સિટીઓ અને અન્ય સહાયક અનુદાન મેળવતી સંસ્થાના કર્મચારીઓ જેમને સરકાર દ્વારા છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર સુધારણા મંજુર કરવામાં આવેલ છે તેમને પણ પગાર સુધારણા મંજુર કરતાં હુકમોની શરતો અનુસાર પાંચમા હપ્તાની રકમ ચુકવવાની રહેશે.

(૬) તા.૦૧-૦૧-૨૦૦૬ બાદ નિવૃત થયેલ કર્મચારીઓને ચુકવવાપાત્ર થતા પગાર-ભથ્થાં (તા.૦૧-૦૧-૨૦૦૬ થી નિવૃતિ તારીખ/તા.૩૧-૩-૨૦૦૯ સુધીના)ના તફાવતના પાંચમા હપ્તાની રકમ તેમના પેન્શન ખાતામાં જમા કરાવવાની રહેશે.

(૭) તમામ ઉપાડ અને વહેંચણી અધિકારીઓએ તફાવતના બીલની સાથે બીલમાં સમાવેશ થયેલ તમામ અધિકારી/કર્મચારીઓની આરઓપી-૨૦૦૯ હેઠળની પગાર બાંધણીની ચકાસણી થયેલ છે તે મુજબનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

આ નિર્ણય સંદર્ભે સર્વે કચેરીઓના ઉપાડ અને વહેંચણી અધિકારીઓએ પગાર બાંધણી અને ચકાસણી સંદર્ભે બાકી રહેલ જરૂરી કાર્યવાહી સત્વરે હાથ ધરી તફાવતની રકમનો પાંચમો હપ્તો (૨૦%) ચુકવવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ. ડી. સેઈલર)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. મંત્રીશ્રીઓ/ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,

માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી

- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

સચિવાલયના સર્વે વિભાગો.

એકાઉન્ટન્ટ જનરલશ્રી, (૧) ઓડીટ, અમદાવાદ

સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), રાજકોટ

સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), અમદાવાદ

સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(ઓડીટ), રાજકોટ.

સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ/ કલેકટરશ્રીઓ/ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી,

નિરીક્ષકશ્રી.સ્થાનિક હિસાબ ભંડોળ, ગાંધીનગર,

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ

પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા

સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ, સ્થાનિક ભંડોળ હિસાબ

રાજ્યના સર્વે બોર્ડ/નિગમ/યુનિવર્સિટીઓ/સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓ.

નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ

સર્વે માન્ય કર્મચારી મંડળો

નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ

પસંદગી ફાઈલ નાણા વિભાગ- મ, ચ, પેન્શન અને ઝ શાખા

આઈટી-કોઓર્ડીનેટર, નાણા વિભાગ.......ઠરાવની નકલ વિભાગની વેબ સાઈટ ઉપર તાત્કાલિક અપલોડ કરવાની વિનંતી સાથે

હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી,